# ચિલોડા નજીક અઠવાડીયામાં વાહનની ટક્કરે ત્રણ જણા મોતને ભેટયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલની આસપાસના ૧૦ કિલોમીટર વિસ્તારમાં એક જ અઠવાડીયામાં અલગ અલગ ત્રણ જેટલા સ્થળોએ અજાણ્યા વાહનોની ટક્કરથી માનસિક રીતે બિમાર અને જાહેરમાં ભટકતા ત્રણ ઈસમોના કરૂણ નિપજ્યા હતા. આ ત્રણેય મોત અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લાના ચિલોડા સર્કલની આસપાસ જાહેરમાર્ગો પર વિવિધ કોમ્પલેક્ષો, હોટલો, રેસ્ટોરન્ટ સહિત વિવિધ સ્થળોએ મોટું ખાણીપીણી બજાર આવેલ છે. જ્યાં દરરોજ સવારથી મોડી રાત્રી સુધી ભારે વાહનોની અવર-જવર અને લોકોની પણ ભારે ભીડ જોવા મળે છે. નેશનલ હાઈ-વે હોવાના લીધે અહી વાહનચાલકો બેફામ વાહન હંકારી કેટલાય નિર્દોષ લોકોના ભોગ લે છે. ત્યારે છેલ્લા એક અઠવાડિયામાં આવાજ વધુ ત્રણ કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. ચિલોડા સર્કલથી પાંચ કિમીના અંતરે આવેલ ધણપ ગામની સીમમાં આવેલ ખુલ્લી જગ્યાએ કોઈ અજાણ્યા માર્ગ નજીક પુરષનો મૃતદેહ પોલીસને મળી આવ્યો હતો. ત્યારબાદ ચિલોડા નજીક આવેલ એસ્સાર પેટ્રોલ પંપ પાસે મોડી રાત્રે માર્ગ ઓળંગી રહેલ માનસિક બિમાર યુવાનને અજાણી સ્વીફ્ટ કારે ટક્કર મારતા સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે આજે પ્રાંતિયા નજીક માર્ગના વલાંક પર એક ૨૫ વર્ષીય માનસિક બિમાર યુવાનને એક અજાણ્યા વાહનને ટક્કર મારતા યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. ચિલોડા પંથકમાં છેલ્લા એક અઠવાડિયામાં ત્રણ વ્યક્તિઓના વાહનની ટક્કરે થયેલા મોતના કિસ્સામાં હાલ પોલીસના માથાના દુઃખાવા સમાન સાબિત થઈ રહ્યા છે. વધતા જતા અકસ્માતના બનાવો સામે ચિલોડા પંથકના રહિશો પણ ભારે રોષ વ્યક્ત કર્યો છે. અને ટ્રાફિક પોલીસતંત્ર બેફામ પુરવાટઝડપે દોડતા વાહનો પર લગામ લગાવે તેવી માંગણી કરી રહ્યા છે.

## દહેજની માંગ કરતા લાલચૂ સાસરીયાવાળા સામે પરિણીતાની ફરીયાદ

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર શહેર ખાતે રહેતી પરિણીતાએ સાસરીયા દ્વારા અવારનવાર શારીરિક તેમજ માનસિક ત્રાસ ગુજારતા હોવાની ફરીયાદ ઈડર પોલીસમથકે નોંધાવી હતી. ઈડરના ધ્વનિબેન ગીરિશકુમાર ભટ્ટના લગ્ન હિંમતનગર તાલુકાના શપગઢના દિવ્યમ વ્યોમેશચંદ્ર દિક્ષિત સાથે થયા હતા. તેઓ હાલ ગાંધીનગર રહે છે. તે દરમ્યાન પતિ દિવ્યમ, સસરા વ્યોમેસચંદ્ર અને સાસુ પ્રતિમાબેન તથા દિયર દ્વારા અવારનવાર શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનું તેમજ છેવટે કંટાળી જઈ ધ્વનિબેન ગીરિશકુમાર ભટ્ટે ઈડર પોલીસ સ્ટેશને ગત તારીખ ૧૬મી મે ના રોજ ફરીયાદ નોંધાવી હતી.

## થેલેસેમિયાગ્રસ્ત સંદિપ દવેનો આજે જન્મદિવસ ઉજવાશે

ભારતીય ગુરુ બ્રાહ્મણ વિકાસ પરિષદ અને દવે પરિવાર માણસા દ્વારા થેલેસેમિયા ગ્રસ્ત સંદિપ દવેનો જન્મદિવસ આવતીકાલે ઊજવાશે. આ સમારોહમાં ડૉ. આંબેડકર ભવન ખાતે રાખવામાં આવેલ છે. આ સમારોહમાં અધ્યક્ષ તરીકે ગીરીશ જી. પંડ્યા સ્થાન લેશે. તથા સમારોહનું ઉદ્ઘાટકન એ.કે. પંડયા કરશે. જન્મદિનની ઊજવણીના આપને સહકુટુંબ, મિત્રમંડળ સહિત પધારવા અને સંદિપ દવેને જન્મદિનની શુભેચ્છાઓ આપી. પ્રોત્સાહિત કરવા આમંત્રણ આપવામાં આવે છે.

## કડવા પાટીદાર સમાજ દ્વારા શ્રી ઉમિયા માતાજી મંદિરનો પાટોત્સવ ઉજવાયો

કડવા પાટીદાર સમાજ સંચાલિત શ્રી ઉમિયા માતાજી મંદિરનો દશમો પાટોત્સવ વૈશાખ સુદ ૧૪ને શુક્રવાર તા. ૨૪મી મે-૨૦૧૩ના રોજ ઉજવાશે. ઉમિયા માતાજી મંદિરના દશમા પાટોત્સવ પ્રસંગે નવચંડી હવન, ધ્વજારોહણ, મહેમીનો-દાતાઓનું સનમાન અને કવિતા આર્ટ ગૃપ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. કવિતા આર્ટ ગૃપ દ્વારા મા-બાપને ભૂલશો નહી, દીકરી વ્હાલનો દરિયો સામાજિક નાટક યોજાશે. ભાવિક ભક્તો અને ઉમા પરિવારોને તેનો લાભ લેવા સમાજના મહામંત્રી ભોળાભાઈ પટેલે ખાસ જણાવ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું છે કે ભોજન પાસ ૨૧મી મે-૨૦૧૩ સુધી સેક્ટરના પ્રતિનિધિશ્રી સમાજ ગોળના પ્રમુખ, મંત્રીશ્રી તથા કાર્યાલયમાંથી વિતરણ થશે.

# દાંતીવાડા નજીક એસઆરપીના વાહનને અકસ્માત : ૧૫ને ઈજા

## એસઆરપીની ટુકડી દ્વારકા મંદિરની સુરક્ષા માટે જઈ રહી હતી

અમદાવાદ, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના મડાણા ડાંગીયા પાસે એસઆરપીના વાહનને અકસ્માત નડતાં એક મહિલા પોલીસ કર્મી સહિત કુલ ૧૫ જવાનોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી.

એસઆરપીના ૨૦ જવાનોની ટુકડી દ્વારકા મંદિરની સુરક્ષા વ્યવસ્થા માટે પોતાના કેમ્પમાંથી બસ દ્વારા દ્વારકા જવા નીકળી હતી ત્યારે મડાણા અને ચંડીસર વચ્ચે બસ પલટી જતા આ અકસ્માત સર્જાયો હતો. ઘાયલ જવાનોને સારવાર અર્થે પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ અકસ્માતની પ્રાપ્ત થતી વિગતો મુજબ દાંતીવાડા તાલુકાના મંડાણા પાસે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ (એસઆરપી) નો કેમ્પ કાર્યરત છે.

આ કેમ્પમાંથી ૨૦ જવાનોને લઈને દ્વારકા મંદિરની સુરક્ષા માટે એક બસ દ્વારકા જવા નીકળી હતી કેમ્પથી ફક્ત અડધા કિલોમીટરના અંતરે જ આ બસની આગળ અચાનક એક ભૂંડ આવી જતા બસના ડ્રાઈવરે ઓચિંતી બ્રેક મારતા બસ બેકાબુ થઈ ગઈ હતી અને ડ્રાઈવરે સ્ટીયેરીંગ પરનો કાબુ ગુમાવતા બસ રસ્તાની બાજુમાં પલટી ગઈ હતી.

આ અકસ્માત સર્જાતા આસપાસથી લોકો દોડી આવ્યા હતા અને બસમાંથી ઘાયલ જવાનોને બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ વાન દ્વારા નજીકની પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં એક મહિલા પોલીસ કર્મી સહિત કુલ ૨૫ પોલીસમેનોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાની જાણ મડાણા કેમ્પમાં થતા અન્ય જવાનો પણ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા.

# ટવેરા કાર પલટી ખાતાં બે વ્યક્તિઓના કરૂણ મોત

પાટણ, તા. ૧૬

પાટણ જિલ્લાના સિદ્ધપુર નજીક ખળી ચારરસ્તા પાસે ટવેરા કારને અકસ્માત નડતા એક મહિલા સહિત બે વ્યક્તિનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

અમદાવાદના મોટેરા વિસ્તારમાં રહેતા નિવૃત્ત જજ પરીવાર સાથે અંબાજી દર્શન કરવા ગયા હતા. અંબાજીથી પરત ફરતા પાટણ જઈ રહ્યા હતા ત્યારે ખળી ચારરસ્તા પાસે કાર ઝાડ સાથે ટકરાઈ પલટી જતા નિવૃત્ત જજ અને તેમના પત્નીનું ઘટના સ્થળે જ મોત થયુ હતુ જ્યારે કારમાં બેઠેલી અન્ય વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખસેડ્યા હતા.

અમદાવાદના મોટેરા ખાતે રહેતા નિવૃત્ત જજ લાભશંકરભાઈ એન. નાઈ તેમના પરીવાર સાથે અંબાજી પાસે દર્શન કરવા ગયા હતા ત્યાંથી પરત ફરી કુળદેવી લીંબજ માતાના દર્શન કરવા પાટણ તરફ જઈ રહ્યા હતા તે સમયે ખળી ચાર રસ્તા પાસે ટવેરા કારના ચાલકે કાબુ ગુમાવતા કાર ઝાડ સાથે અથડાઈ ઉછળી પડી હતી. આ સર્જાયેલા અકસ્માતમાં નિવૃત્ત જજ લાભાશંકરભાઈ તેમજ તેમના પત્ની જશોદાબેનનું ઘટના સ્થળે જ કરૂણમોત નિપજ્યું હતું જ્યારે પરીવારને અન્ય વ્યકિતઓને સાધારણ ઈજાઓ થતા હોસ્પિટલ ખસેડાયા હતા.

## શબ્દાવલી - ૫૦૬૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ■ | ૫ |
| ૬ | | | ■ | ૭ | | ■ | |
| ૮ | | ■ | ૯ | | | ૧૦ | |
| | ■ | ૧૧ | | | ■ | | ■ |
| ■ | ૧૨ | | | ■ | ૧૩ | | ૧૪ |
| ૧૫ | | | ■ | ૧૬ | ■ | ૧૭ | |
| ૧૮ | | | ■ | ૧૯ | ૨૦ | ■ | |
| ૨૧ | | ■ | ૨૨ | | | | |

### આડી ચાવી

- ૧. આત્મહત્યા (૪)
- ૬. તંબુ, ટેન્ટ (૩)
- ૭. કાચનો ચા પીવોનો પ્યાલો (૨)
- ૮. પૈસા-રૂપિયા સંપત્તિ (૨)
- ૯. શૂરવીર, ધૈર્યવાન (૫)
- ૧૧. મરે નહિ તેવું (૩)
- ૧૨. પુષ્પ, ફુલ (૩)
- ૧૩. પ્રેક્ટીસ (૩)
- ૧૫. ગોદામ (૩)
- ૧૭. ઉમા, પાર્વતી (૨)
- ૧૮. કરવેરો (૩)
- ૧૯. ડોશી (૨)
- ૨૧. ... આંખે દેખાય તેવું (૨)
- ૨૨. જડ જેવું, જડતાભર્યો વહેવાર કરે તેવો (૫)

### ઊભી ચાવી

- ૧. અર્ચના-પૂજા, સાધના (૪)
- ૨. વાયરો, હવા (૩)
- ૩. ઘર..., રામો, કામવાળો (૨)
- ૪. તાંબુ (૩)
- ૫. શિકારી (૩)
- ૭. કેડ, કટી પ્રદેશ (૩)
- ૯. મોજ-મસ્તી, અમન..(૩)
- ૧૦. બંધાયેલું (૪)
- ૧૧. અમૃત (૪)
- ૧૨. સુખ આપે તેવી યોજના (૪)
- ૧૪. .... આપવી, જામીન થઈ છોડાવવું (૪)
- ૧૫. ભાર (૩)
- ૧૬. બારણું (૩)
- ૨૦. જીહ્વા, લુલી (૨)

### શબ્દાવલી ૫૦૬૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) એકટાણા (૪) મસાલો (૬) તડપ (૭) પાનો (૮) સીટી (૧૦) હડપ (૧૧) રવ (૧૩) ખપ્પર (૧૪) ગોકુળ (૧૬) તાગ (૧૮) વખ (૧૯) હાનિકર્તા (૨૧) પીવું (૨૨) વાડકા (૨૩) હકાલપટ્ટી

**ઊભી ચાવી :-** (૧) એતબાર (૨) કડ (૩) ટાપસી (૪) મનોહર (૫) લોકપ (૯) ટીખળ (૧૨) વગોવવું (૧૫) કુખ (૧૬) તાક (૧૭) ગર્તા (૧૯) હાડકાં (૨૦) નિકાલ (૨૧) પીઠ (૨૨) વાહ

## આગામી એક વર્ષમાં ગુજરાતમાં સ્માર્ટ ફોનનું વેચાણ બમણું થઈને ૩૬ લાખ યુનિટનું થશે : કયુબિટ ટેક

કયુબિટ ટેક પ્રાઈવેટ લિ.ના ઔદ્યોગિક અંદાજમાં જણાવવામાં આવ્યા અનુસાર ભારત તથા ગુજરાતમાં સ્માર્ટફોનનું વેચાણ વધી રહ્યું છે અને ગુજરાત રાજયમાં કંપનીનું વેચાણ હાલમાં ૧૮ લાખ યુનિટનું છે, તે આગામી એક વર્ષમાં બમણું થઈ ૩૬ લાખ યુનિટનું થઈ જશે.

એક સ્માર્ટફોનના વેચાણ રૂા. ૪,૦૦૦ થી રૂા. ૫,૦૦૦ના સરેરાશ ભાવને ધ્યાનમાં લેતા, ગુજરાતમાં સ્માર્ટફોનના બજારનું વર્તમાન કદ રૂા. ૭૨૦ કરોડથી રૂા. ૯૦૦ કરોડ થાય છે. દેશની વાત કરીએ તો ભારતીય સ્માર્ટફોન બજાર વર્ષ ૨૦૧૧ના ૧૧ મિલિયન યુનિટ્સથી ૪૮ ટકાના નોંદપાત્ર દરે વધીને વર્ષ ૨૦૧૨માં ૧૬.૩ મિલિયન યુનિટનું થયું છે.

કંપનીના ઉત્પાદનની વધતી જતી માંગને વ્યકત કરતા કયુબિટ ટેક પ્રા. લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર સુરેશ નાયરે જણાવ્યું હતું કે, ખર્ચમાં સાપેક્ષતા અને આધુનિક ટેકનોલોજી ધરાવતી શ્રેણીબદ્ધ ખાસિયતોને લીધે ગુજરાતભરમાં સ્માર્ટફોનની માગ વધી છે. ઘરઆંગણાની કંપનીઓના સ્માર્ટફોનના ભાવ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સની તુલનાએ ઘણા નીચા હોય છે અને ગ્રાહકોને નીચા ભાવે એ જ ઓપરેટિંગ સિસ્ટમ મળે છે. વધુમાં , ભવિષ્યમાં ૩જી સર્વિસનું મોટા પાયે વિસ્તરણ થશે. તેથી ગુજરાતમાં ૧૪થી ૩૦ વર્ષના વયજૂથમાં રહેલા ગ્રાહકો સ્માર્ટફોનના વેચાણની વૃદ્ધિમાં મહત્વની ભૂમિકા ભજવશે.

## ભારતમાં પ્રથમવાર મેટ્રીકસ વીથ આઈ-વોર્ન સુરક્ષિત ઈન-બિલ્ટ એલાર્મ સિસ્ટમની રજૂઆત

ભારતમાં સુરક્ષા ઉપાયો પૂરા પાડવામાં અગ્રણી ગોદરેજ સિક્યુરીટી સોલ્યુશન્સ દ્વારા તેની તેની સૌપ્રથમ એની મેટ્રીકસ સેફવીથ આઈ-વાર્ન ટેકનોલોજીની રજૂઆત કરવામાં આવી છે. ઘરની સુરક્ષા માટે આ પ્રકારની ભારતની સૌપ્રથમ અને ઈન-બિલ્ટ વાઈબ્રેશન સેન્સર ધરાવતી પ્રણાલિ છે જેની સાથે કંઈ પણ ચેડા કરવામાં આવે કે તરત તે અગાઉથી નોંધાવેલા ફોન નંબર પર એસએમએસ કે પ્રિ-રેકોર્ડેડ મેસેજ મોકલવાનું શરૂ કરી દે છે.

આ પ્રણાલિકની રજૂઆત અંગે ગોદરેજ સિક્યુરીટી સોલ્યુશન્સના માર્કેટીંગ વિભાગના આસિસ્ટન્ટ વાઈસ પ્રેસીડન્ટ મેહરનોશ પીઠાવાલાએ જણાવ્યું હતું, અમે જીએસએસ ખાતે હંમેશા માનીએ છીએ કે ગ્રાહકો માટે કંઈક વિશેષ કરવું અને તેમની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ચાલવું. આક્રમક માર્કેટ રિસર્ચ દ્વારા અમે જાણ્યું કે હવે મેટ્રીકસ વીછ આઈ-વોર્ન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો સમય આવી ગયો છે, જેમાં આઈવાર્ન એલાર્મ સિસ્ટમથી સુરક્ષિતતા પ્રાપ્ત થઈ શકે છે. કંઈ પણ ચોરી કે આગ જેવી ઘટના બનવા જઈ રહી હોય ત્યારે તરત જ આ પ્રણાલિ દ્વારા વ્યક્તિને એ અંગેનો એસએમએસ કે અગાઉથી રેકોર્ડ કરેલો સંદેશો તેના ફોન પર મોકલવામાં આવે છે. જેથી દુર્ઘટના અટકાવવા તે સમયસર પગલાં લઈ શકે. આ ઉપરાંત કોઈ ચોર ઘૂસી આવે તો તેમાં એલાર્મ પણ વાગે છે જેથી ચોરને ગભરાવી શકાય.

# સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે ગરીબી અવરોધક સમસ્યા

## મોઢવણિક સમાજના શૈક્ષણિક સંકુલનું મુખ્યમંત્રી ઉદ્ઘાટન કર્યું

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વૈચારિક ગરીબીને સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે સૌથી અવરોધક સમસ્યા ગણાવી છે. વિકાસ માટે ૨૧મી સદીમાં આપણા સંકલ્પો ઉંચા રાખીશું તો જ આવતીકાલને શક્તિવાન બનાવી શકશે એમ તેમણે અમદાવાદમાં મોદી સમાજના આધુનિક શૈક્ષણિક સંકુલનો શિલાન્યાસ કરતા જણાવ્યું હતું.

અમદાવાદમાં છારોડી ખાતે શૈક્ષણિક હેતુ માટે મળેલી ૪૯૪૫ ચોમી જમીનમાં મોઢ વણિક મોદી જ્ઞાતિ સમાજના ટ્રસ્ટે ૭૯ રૂમોની હોસ્ટેલ સાથે દાતાઓની સખાવતોથી આ શૈક્ષણિક ભવન સંકુલનું નિર્માણ કાર્ય હાથ ધર્યું છે.

વિકાસ માટે શિક્ષણને જ અનિવાર્ય ગણાવતાં નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે છેલ્લા એક દશકમાં ગુણવત્તાસભર શિક્ષણ ક્ષેત્રના સુધારા ઉપર રાજ્ય સરકારે ધ્યાન કેન્દ્રીત કર્યું તેના પરિણામે ગુજરાતમાં પ્રાથમિકથી લઈને ઉચ્ચત્તમ શિક્ષણની સુવિધાઓ વ્યાપક બની છે.

રાજ્યમાં દશ જ વર્ષમાં અગિયારમાંથી ૪૭ યુનિવર્સિટીઓ અને તેમાં પણ વરિષ્ઠ શિક્ષણ સેક્ટરની પહેલ ગુજરાતે કરી છે. હવે મેડીકલ-ઈજનેરી શિક્ષણ ગુજરાતમાં જ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થયું છે પરંતુ ૫૦ વર્ષથી શિક્ષણમાં થઈ રહેલી ઉપેક્ષાની સ્થિતિ બદલવાની આ સફળ પછી ૨૧મી સદીના જ્ઞાન આધારિત શિક્ષણ માટે સમાજશક્તિને પ્રેરિત કરવી છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

મોદી જ્ઞાતિ સમાજ સાથે તેમના જીવનના વિદ્યાર્થીકાળના સંસ્મરણો નરેન્દ્રમોદીએ વ્યક્ત કર્યા હતા.

ગુજરાતમાં શહેરોમાં ઉચ્ચ અભ્યાસ માટે આવતા ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓ માટે આધુનિક સ્ટુડન્ટ હોસ્ટેલ્સ બાંધવાનો પ્રોજેક્ટ પણ આ સરકારે હાથ ધર્યો છે. શિક્ષણને માનવ સંસાધન વિકાસ માટે પ્રાથમિક્તા આપીને ગુણાત્મક પરિવર્તન લાવવાના પ્રયાસોમાં ગુજરાતના સમાજે પણ પુરૂષાર્થપૂર્વક સહયોગ આપ્યો છે, તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિકાસ માટે શિક્ષણ અને બાળકોના ઉજ્જવળ ભવિષ્યની ચિંતા સૌ કરતા આવ્યા છે પરંતુ ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ જે સ્વપ્રદ્રષ્ટાની પહેલ સાથે શિક્ષણમાં સર્વાંગી ગુણવત્તા લાવવા પરિશ્રમ ઉઠાવ્યો છે તેવુ અન્ય કોઈ રાજ્યમાં બન્યું નથી તેની વિગતવાર ભૂમિકા આપી હતી.

# કલોલ તાલુકાના સનાવડ ગામ ખાતે કૃષિરથનું ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું

ગાંધીનગર, તા. ૧૬

કલોલ તાલુકામાં આજરોજ કૃષિ મહોત્સવ કાર્યક્રમ સનાવડ ગામ ખાતે યોજાયો હતો. જેમાં જેઠલજ, નાસ્મેદ, સનાવડ, અઢાળા, વાયણા અને મુલસાણા ગામના ખેડૂતો મિત્રોએ ભાગ લીધો હતો. આ -સંગે પશુ આરોગ્ય કેમ્પ અને કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા કૃષિને લગતી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. છ ગામના કુલ-૭૧ લાભાર્થીઓને કૃષિ અને પશુ કિટૂસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કલોલ તાલુકાના સનાવડ ગામ ખાતે આજરોજ કૃષિ મહોત્સવ અંતર્ગત ગામમાં સવારના ૮.૩૦ કલાકે પશુ આરોગ્ય કેમ્પ યોજાયો હતો. જેમાં તાલુકા પંચાયતની સીટના છ ગામના પશુઓને આરોગ્ય કેમ્પ અંતર્ગત ૪૦૦ જેટલી ગાય - ભેંસનું રસીકરણ કરવામાં આવ્યું હતું. તેમજ ૧૫૦થી વધુ ઘેટા-બકરાઓનું ડી-વોર્મિંગ કરવામાં આવ્યું હતું. ૬૦ વધુ ગાય-ભેંસને પશુ આરોગ્ય કેમ્પમાં સારવાર આપવામાં આવી હતી.

કૃષિ મહોત્સવ અંતર્ગત દાંતીવાડા કૃષિ યુનિવર્સીટીના વૈજ્ઞાનિક શ્રી રત્નદીપસિંહએ ખેડૂતોને કૃષિ અંતર્ગતની માહિતી



સરળ ભાષામાં આપી હતી. તેમણે ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન, ગ્રીન હાઉસ અને જમીનના તત્વોની ચકાસણી કરાવી યોગ્ય ખાતર વાપરવાની વાત પર ખાસ ભાર મુક્યો હતો. પશુઓની દેખભાળ અને વધુ દૂધ કેમ મળે તેની વિસ્તૃત વાત કરી હતી.

આ -સંગે કલોલ તાલુકા ભાજપના ઈન્ચાર્જ શ્રી -ભાતસિંહ અતાજી ઠાકોરે રાજય સરકાર દ્વારા કૃષિ મહોત્સવ શરૂ કરવા પાછળના ઉમદા આશયની વાત કરી હતી. રાજય સરકારની કૃષિ અને પશુપાલન સંલગ્ન વિવિધ યોજનાઓની વાત કરી તેનો લાભ લેવા સર્વે ખેડૂત મિત્રોને અનુરોધ કર્યો હતો. કૃષિ મહોત્સવ અંતર્ગત વિવિધ તજજ્ઞો દ્વારા મળેલ માહિતીનો અમલ પોતાના ખેતીના વ્યવસાયમાં કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

કલોલ તાલુકા ભાજપના -મુખ શ્રી રમેશજી ઠાકોરે ડ્રીપ ઈરીગેશન અને જળસંચય અંતર્ગતની માહિતી પોતાની આગવી શૈલીમાં રજૂ કરી હતી. પશુ આરોગ્ય મેળા થકી આજ રાજયમાં પશુઓ માંથી અનેક રોગ દૂર કરી શકાયા હોવાની જણાવ્યું હતું. સનાવડ ગામમાં આવેલા કૃષિરથનું ગ્રામજનો દ્વારા ઉત્સાહપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

કૃષિ રથ સાથે આવેલા કૃષિ તજજ્ઞો અને અન્ય અધિકારી-કર્મચારીઓનું કંકુ તિલક કરી સ્વાગત કર્યુ હતું. તાલુકા પંચાયતની સીટમાં સમાવિષ્ટ છ ગામના ખેડૂતોને ૪૧ કૃષિ કિટૂસ અને ૩૦ પશુપાલનની કિટૂસનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેઠલજ, વાયણા અને સનાવડ ગામના સરપંચશ્રીઓને તેમના ગામનો સોઈલ મેપ આપવામાં આવ્યો હતો. મુથાસણ ગામના દશરથભાઈ પટેલ અને નાંદોલી ગામના ઈશ્વરભાઈ ઠાકોરને ૪૫ હજાર રૂપિયાના ટ્રેકટર સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ખેડૂતોને ક્યાંય પાક વિમો ચુકવાયો નથી : જીપીપી

## ઘાસનું વિતરણ નહીં થયુ હોવાની ફરિયાદો : કૃષિ ઉત્સવ ઉજવવાના બદલે નાણાંનો યોગ્ય ઉપયોગ ખૂબ જ જરૂરી

અમદાવાદ, તા. ૧૬

સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના ખેડૂતો દુષ્કાળમાં પાકવિમો ઘાસચારા માટે રાહ જોઈ રહ્યા છે. મજુરો રાહત કામો ન મળતખા હિજરત કરી રહ્યા છે ત્યારે ભાજપની સરકાર પોતાનો ઢોલ પિટવા કૃષિમહોત્સવ ઉજવીને કૃષિ રથ કાઢે છે તે ખરેખર બંધ રાખીને તેટલી રકમ પશુઓના ઘાસચારા માટે વાપરી હોત તો હજારોની સંખ્યામાં પશુઓની ગેરકાયદેસર કતલ ન થઈ હોત. ગુજરાત પરીવર્તન પાર્ટીના મહામંત્રી ગોરધનભાઈ ઝડફીયાએ ગત સપ્તાહે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોના પાંચ જીલ્લાઓમાં ૯૫૦ કિ.મી. લોકવેદના યાત્રાનો રૂબરૂમાં જઈને પ્રવાસ ખેડ્યો હતો અને તેમાં ભાવનગર, અમરેલી, જુનાગઢ, રાજકોટ અને જામનગર જીલ્લામાં પ્રવાસ દરમ્યાન સૌરાષ્ટ્રના ખેડૂતોને ક્યાંક પાક વિમો નથી ચુકવાયો તેવી રજુઆત સપ્ટેમ્બર ૨૦૧૨માં તૈયાર થયા હોવા છતાં ઘાસનું ક્યાંય વિતરણ થયું નથી જેની ફરીયાદો ગામડે-ગામડેથી આવી છે. ઝડફીયાએ જણાવ્યું હતું કે અછતના મેન્યુઅલ મુજબ પીવાનું પાણી, ઘાસચારો અને રોજગારી આપવામાં જે સરકાર સદંતર નિષ્ફળ ગઈ છે તે કૃષિ મહોત્સવમાં કરોડો રૂપિયાનું આંધાણ કરે અને પશુઓને ઘાસનું તણખલું પણ ન મળે તે ખરેખર સરકાર માટે શરમની વાત છે. ગુજરાત પરિવર્તન પાર્ટી ગુજરાતની ભાજપ સરકારને ચેતવણી આપે છે કે કૃષિરથના નાટકો અને ઉદાઉ ખર્ચાઓ બંધ કરીને તાત્કાલીક ધોરણે ખેડૂતોને પાક વિમો ચૂકવી દે જેથી ખેડૂતો ચોમાસા પહેલા ખાતર બિયારણ ખરીદી શકે.

### કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. તેમજ હવે અખાદ્ય પદાર્થોનું વેચાણ થઈ શકશે નહિ.

દહેગામમાં પરિસ્થિતિની ગંભીરતાને તંત્રએ ધીમી ગતિએ ધ્યાને લીધી હોવાના આક્ષેપો રાજકીય પક્ષોના આગેવાનો કરી રહ્યા છે. પૂના તલાવડી વિસ્તારમાં એક હજાર જેટલા રહીશોની હાલ વસ્તી છે. આ વિસ્તાર ઉપરાંત શહેરમાં સંખ્યાબંધ સ્થળોએ પાણીના લીકેજીસ છે તે તાકીદે બંધ કરાવવા અસરકારક પગલાં ભરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

### ઝાડીઓમાં આગ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગ દુર્ઘટનામાં સદ્ભાગ્યે કોઈ જાનહાનિ કે મોટુ નુકશાન થવા પામ્યું નથી.

ગાંધીનગરના આઈ.ટી. ટાવર-૧ની ઈન્ફોસીટી વિસ્તારના આઈ.ટી. ટાવર-૧ની સામેની ઝાડીઓમાં આજે બપોરના અરસામાં અચાનક આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. ઈન્ફોસીટી સંકુલની દિવાલને અડીને આવેલી ચ-૦ની ઝાડીઓમાં કોઈ કારણોસર આગ ભભુકી ઉઠી હતી. જે જગ્યાએ આગ લાગી તેનાથી ૧૦ થી ૧૫ ફૂટના અંતરે ઈન્ફોસીટીના ટાવરોનું ઈલેક્ટ્રોનીક કંટ્રોલીંગ થાય છે. તેવા ડીઝલ જનરેટર વિભાગ આવેલો છે. થોડે દૂર સુધી આગ પ્રસરે તો આખી ઈન્ફોસીટીની ઈલેક્ટ્રીક લવાઈનો બંધ થઈ જાય તેવી સ્થિતિ હતી. ઈન્ફોસીટીનો સ્ટાફ દોડી આવ્યો હતો અને પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લેવામાં આવી હતી. સમયસર આગ કાબુમાં લાવી દેવાતા લાખોનું નુકશાન થતા રહી ગયું હતું. સદ્ભાગ્યે આ આગ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી કે કોઈ મોટી માલહાની પણ થવા પામી નથી.

### ગાંધીનગરમાં હીટવેવ..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગો વચ્ચે અબોલ પશુ પંખીઓ પણ ગરમીથી બચવા વૃક્ષોને આશ્રિત બન્યા છે. આકરી ગરમીના લીધે વિશેષ પ્રભાવિત થતા પક્ષીઓનો કલરવ પણ કાને પડતો નથી. દિવસના આકરા તાપની સાથે વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ પણ વધ્યું છે. જેના પરિણામે નગરજનો ઉકળાટ અનુભવી રહ્યા છે. આજે પણ દિવસ દરમિયાન ગરમીનો પારો ૦.૩ ડીગ્રી ઉંચકાતા મહત્તમ તાપમાન ૪૨.૮ ડીગ્રી રહ્યું હતું. દિવસે સૂનકાર ભાસતા નગરના માર્ગો પર રાત્રિના સમયે શહેરીજનો ટહેલવા નિકળી પડતા ઉનાળુ રાત્રિની રોનક નિખરી છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આત્મા ડાયરેક્ટોરેટ એન્ડ સમેતિ
પી-૭, પોડિયમ લેવલ, કૃષિભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
ફોન : ૨૩૨૪૫૨૮૭, ૨૩૨૪૫૦૪૩
આ કચેરીના નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ના વાર્ષિક હિસાબો તૈયાર કરવા માટે ગાંધીનગર / અમદાવાદની આ કામગીરીનો પાંચ વર્ષ કે વધુ અનુભવ ધરાવતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મએ રૂબરૂમાં આ કચેરીમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફી ભરી ટેન્ડર ફોર્મ તા. ૩૦-૫-૨૦૧૩ સુધીમાં મેળવી તા. ૩૧-૫-૨૦૧૩ના ૧૭-૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.
માહિતી/૩૩૪/૧૩-૧૪ નિયામક, સમેતિ